બિન સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો / કર્મચારીઓને રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૧૯૮–ઈએમ–૫૩–ગ.૧
સચિવાલય,ગાંધીનગર.
તા.: ૧૫/૫/૨૦૦૧.

<u>વંચાણમાં લીધા</u> :–

૧. શિક્ષણ વિભાગનો તા.: ૨૧/૫/૯૪ નો ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૨૯૩–૨૫૩૩–ગ.૧.
૨. શિક્ષણ વિભાગનો તા.: ૬/૭/૯૮ નો ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૧૯૮–ઈએમ–૫૩–ગ.૧.
૩. શિક્ષણ વિભાગનો તા.: ૨૭/૧૦/૯૯ પત્ર ક્રમાંક : ઉમશ–૧૧૯૮–ઈએમ–૫૩–ગ.૧.

–: આમુખ :–

ઉપર દર્શાવેલ આ વિભાગના તા.: ૨૧/૫/૯૪ ના ઠરાવથી તા.: ૧૫/૪/૯૪ કે તે પહેલાં બિન સરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમાયેલ શિક્ષકો/કર્મચારીઓ કે જેમની ઓછામાં ઓછી એક વર્ષની એટલે કે ૩૬૫ દિવસની નોકરી થઈ હોય તેવા શિક્ષકો/કર્મચારીઓને ફાજલ તરીકે ગણીને રક્ષણ આપવાનું ઠરાવવામાં આવેલ છે. તથા તા.: ૧૬/૪/૯૪ કે તે પછી નિમણુંક પામેલા શિક્ષકો/કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવશે નહી, તેવું પણ ઠરાવવામાં આવેલ છે. તથા તા.: ૧૫/૪/૯૪ સુધી નિમણુંક પામેલ શિક્ષકો / કર્મચારીઓ કે જેઓની નોકરી તે તારીખે એક વર્ષથી પૂરી થઈ હશે તેઓને સંજોગો ઉપસ્થિત થતાં છૂટા કરવામાં આવે તો તેઓને ફાજલનું રક્ષણ આપવાની જોગવાઈઓ નક્કી કરવામાં આવેલ છે. વધુમાં ઉપર દર્શાવેલ ક્રમાંક : ૨ પરના આ વિભાગના તા.: ૬/૭/૯૮ ના ઠરાવથી રાજ્યની સહાય લેતી બિનસરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો/શિક્ષકો/કર્મચારીઓને તેઓની નિમણુંક જો તા.: ૩૦/૬/૯૮ સુધીમાં થયેલ હોય તો તેવા ફાજલ થયેલઆચાર્યો/શિક્ષકો/કર્મચારીઓને (લઘુમતી શાળાઓ સહિત) તમામને રક્ષિત ગણીને તેઓને ફાજલ કર્મચારીઓને મળતાં લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે અને ઉપર ક્રમ : ૩ ઉપર દર્શાવેલ આ વિભાગના તા.: ૨૭/૧૦/૯૯ ના પત્રથી તા.: ૩૦/૬/૯૮ સુધીમાં નિમણુંક પામેલા અને નોકરીમાં જેને ૩૬૫ દિવસ પૂરા થયા હોય તેઓનેજ ફાજલના રક્ષણનો લાભ મળશે, તેવી સૂચના બહાર પાડી છે અને તા.: ૬/૭/૯૮ નો ઠરાવ અમલમાં આવતાં પહેલાં તા.: ૨૧/૫/૯૪ના ઠરાવની જોગવાઈઓ મુજબ જે શિક્ષકો/કર્મચારીઓને છૂટા કરવાની બધી કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોય તેવા કિસ્સાઓમાં તા.: ૬/૭/૯૮ના ઠરાવની જોગવાઈનો લાભ આપવો યોગ્ય થશે નહી. તથા જે કર્મચારી/ શિક્ષકોની નિમણુંક અને ભરતીની પ્રક્રિયા નિયમમોનુસારની હોય તેઓને જ રક્ષિત ફાજલનો લાભ મળશે તથા ડી.ઈ.ઓ. એ એન.ઓ.સી./બહાલી આપી હોય પરંતુ રેશીયો બહારના અને લઘુલાયકાતવાળા કે જેઓની નિમણુંક ખોટી રીતે થઈ હોય તેઓને ફાજલનો લાભ આપી શકાય નહી અને તેઓની નિમણુંક રદ થવા પાત્ર છે, તેવી પણ સૂચના બહાર પાડી હતી. આ બાબતમાં લઘુલાયકાતવાળા તથા રેશીયો બહારના શિક્ષકોને રક્ષણ આપવા સંદર્ભમાં શિક્ષક સંઘો તરફથી સરકારશ્રી સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે બિનસરકારી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓના લઘુલાયકાતવાળા અને રેશીયો બહારના શિક્ષકોને નીચેની શરતોએ ફાજલનું રક્ષણ આપવાનું ઠરાવવામાં આવે છે. :–

(૧) તા.: ૩૦/૬/૯૮ સુધીમાં નિમણુંક પામેલા લઘુલાયકાતવાળા તથા રેશિયો બહારના તમામ શિક્ષકો જેમની નોકરીમાં ૩૬૫ દિવસની સેવાઓ પૂર્ણ કરેલ હોય તેઓને ફાજલ તરીકેનું રક્ષણ મળી શકશે.

(૨) ૧૯૯૪ થી ૧૯૯૮ ની વચ્ચે તા.: ૬/૭/૯૮ ના હુકમો અમલમાં આવતાં પહેલાં છૂટા થયેલા લઘુલાયકાતવાળા કે રેશીયો બહારના તેમજ ટ્રીબ્યુનલ/કોર્ટમાં હારી ગયેલ શિક્ષકોને આ રક્ષણ મળી શકશે નહી.

(૩) ઠરાવની તારીખથી બે વર્ષ સુધીમાં લઘુલાયકાત ધરાવતા શિક્ષકોએ પૂર્ણ લાયકાત મેળવવાની રહેશે.

(૪) ક્રમ : ૩ મુજબની શરત પરિપૂર્ણ નહિ કરનાર શિક્ષકનું ફાજલનું રક્ષણ રદ થશે અને આપોઆપ છૂટા થયેલા ગણાશે.

......(૨)

(૫) લઘુલાયકાત અને રેશિયા બહારના શિક્ષકોને ફાજલ કરનાર માતૃ સંસ્થાએ શાળામાં ભરતીના પ્રસંગે પ્રથમ આવા ફાજલ શિક્ષકોને સમાવવાના રહેશે.

(૬) લઘુલાયકાત અને રેશીયો બહારના આ શિક્ષકોને શાળાઓની બિન શૈક્ષણિક જગ્યાઓ ઉપર મૂકવામાં આવશે જે તેમણે સ્વીકારવાની રહેશે. અન્યથા ફાજલ તરીકેનું રક્ષણ રદ થશે અને આપોઆપ છુટા થયેલા ગણાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની નાણાં વિભાગની તા.

.૧/૪/૨૦૦૧ ની સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(સહી)

(બી.કે. ભટ્ટ)
ઉપસચિવ.
શિક્ષણ વિભાગ.

પ્રતિ.

- રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય, રાજભવન, ગાંધીનગર.
- મા.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- મા. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મા. રા. ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી. સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવલાય. ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ.
- કમિશ્નરશ્રી, મ. ભો.યો. અને શાળાઓ. ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત મા. શિ. બોર્ડ. ગાંધીનગર.
- સંયુકત શિક્ષણ નિયામક. ૧૦ – ૨ (ખાસ ઘટક), ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી. ગુજરાત.અમદાવાદ.રાજકોટ.
- તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- રજિસ્ટ્રારશ્રી. ગુજરાત માધ્યમિક ઉ. મા. શિક્ષણ સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.
- વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઈલ.